**અમદાવાદ (ગ્રામ્ય) ની ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ કોર્ટ, રૂમ નં. ૧૭ બ્લોક–બી અમદાવાદ.**
**<u>ફોજદારી કેસ નં. 12546/2026</u>**
**આંક –**

**<u>ફરીયાદીઃ–</u>** શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી જયનમ કલ્પેશભાઇ શાહ

**ફરીયાદી તર્ફે એ. પી. પી. શ્રી**

**ગુનો :** બી.એન.એસ. કલમ–૨૮૧ તથા એમ.વી. એકટ–૧૭૭,૧૮૪ મુજબ

**– : ચૂકાદો : –**

૧. ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી સામે ઉપરોકત કલમના ભંગ મુજબનો ગુનોનોંધાયેલ છે અને તે મુજબ આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ ફાઈલ કરેલ.

૨. આરોપીને પ્રોસેસ કરતાં હાજર થઈ પોતે ગુન્હો કબુલવા માંગે છે તેવી સ્વેચ્છાએ જાહેરાત કરતાં આરોપીની ગુન્હા કબુલાત પ્લી લીધેલ છે જેમાં આરોપીએ તેમની વિરુધ્ધનો ગુનો કબુલ કરેલ છે.

૩. આરોપીએ રજુ કરેલ કબુલાત પુરશીષ, આરોપીની આર્થિક તેમજ સમાજીક સ્થિતિ તથા સદર આરોપીએ કરેલ ગુનો અને તે ગુનામાં કરવામાં આવેલ સજાની જોગવાઈઓ વિગેરેને ધ્યાને લેતાં સદરહું આરોપીને જો એક સુધરવાની તક આપવામાં આવે અને તેને યોગ્ય દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતું જળવાશે તેમ માની નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– : આ ખ રી હુ ક મ : –**

આ કામના આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ની કલમ–૨૭૫ અન્વયે ઉપરોકત બી.એન.એસ. કલમ–૨૮૧ તથા એમ.વી. એકટ–૧૭૭,૧૮૪ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી, દરેક આરોપીને ૫૦૦ ( પાંચસો ) પુરાનો દંડ અને જો આરોપી દંડ ન ભરે તો દિન–૭ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ૧૪ માર્ચ ૨૦૨૬ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા. ૧૪/૦૩/૨૦૨૬
અમદાવાદ

( જે.એ.બક્ષી)
ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ
નવરંગપુરા, અમદાવાદ (ગ્રામ્ય)
જી.જે ૦૦૯૦૩

દંડ/પેનલ્ટી રૂપિયા______________
પહોંચ નંબર__________________થી વસુલ લીધા
તા.૧૪.૦૩.૨૦૨૬

સુપ્રિટેન્ડેન્ટ